શ્રીમદ્ભગવદ્ગીતા-શ્રદ્ધાવિવેકયોગ
(સત્તરમો અધ્યાય)

(શ્રીપુરુષોત્તમજીકૃત ‘અમૃતતરંગિણી’ તથા
શ્રીવલ્લભજીકૃત ‘તત્વદીપિકા’ના આધારે અન્વય તથા
સરળ ગુજરાતીમાં ભાવાર્થ સહિત)

અન્વય - ભાવાર્થ :-

પૂ.ગો.શ્રીચન્દ્રગોપાલજી મહારાજશ્રી-વડોદરા.

: પ્રકાશક :

શ્રીવલ્લભ વિઠ્ઠલ ગ્રન્થ પ્રકાશન મંડળ ટ્રસ્ટ

‘શ્રીરાધાકૃષ્ણકુંજ’ બી-૪૧/૧ શ્રીનગર સોસાયટી, એચ રોડ, અકોટા રોડ,
દિનેશ મિલ પાછળ, વડોદરા - ૩૯૦ ૦૨૦
ફોન : (૦૨૬૫) ૨૩૨૬૮૯૭ સમય : બપોરે ૨-૦૦ થી ૬-૦૦

પ્રકાશક તથા પ્રાપ્તિ સ્થાન

શ્રીવલ્લભ વિઠ્ઠલ ગ્રન્થ પ્રકાશન મંડળ ટ્રસ્ટ

(૧) ગો. શ્રીચંદ્રગોપાલજી મહારાજશ્રી
‘‘શ્રીરાધાકૃષ્ણકુંજ’’
બી-૪૧/૧ શ્રીનગર સોસાયટી,
એચ રોડ, અકોટા રોડ,
દિનેશ મિલ પાછળ,
વડોદરા - ૩૯૦ ૦૨૦
ફોન : (૦૨૬૫) ૨૩૨૬૮૯૭
સમય : બપોરે ૨-૦૦ થી ૬-૦૦

(૨) જિતેન્દ્ર મગનલાલ વજીર
C/o.શ્યામ સુંદર ડ્રેસીસ’’
૧૫૪-મલાડ શોપિંગ સેન્ટર,
એસ. વી. રોડ, મલાડ (વેસ્ટ)
મુંબઈ : ૪૦૦ ૦૬૨
ફોન : (૦૨૨) ઘર ૨૮૦૬૫૭૭૫
(૦૨૨) ઓ. ૨૮૮૦૮૦૫૦
(૦૨૨) ૨૮૮૧૦૫૧૬

© સર્વ હક્ક પ્રકાશકને આધીન

પ્રથમ સંસ્કરણ વિ.સં. -૨૦૬૪, ચૈત્ર સુદ, એપ્રિલ-૨૦૦૮

પ્રત - ૧૦૦૦

ન્યોછાવર - રૂા. ૧૦-૦૦

કમ્પ્યુટર ટાઈપ સેટિંગ તથા મુદ્રક :-
વલ્લભ વિઠ્ઠલ કમ્પ્યુટર્સ
૨૯-પરિચય પાર્ક, જે.પી.રોડ પોલીસ સ્ટેશનની પાછળ, દીવાળીપુરા, વડોદરા.
ફોન : (૦૨૬૫) ૨૩૫૧૭૮૧, મો : ૯૮૯૮૧૦૬૪૪૯

બે શબ્દ

શ્રીમહાપ્રભુ, શ્રીપ્રભુચરણ, શ્રીગોવર્દ્ધનધરણની અસીમ કૃપાથી શ્રીમદ્ - ભગવદ્‌ગીતાનો સત્તરમો અધ્યાય-શ્રદ્ધાવિવેકયોગ એનાં સરળ અન્વય અને સરળ ભાવાર્થ સહિત બાળકોના અધ્યયન માટે પ્રકાશિત થઈ રહ્યો છે તેથી હું ખૂબ જ આનન્દ અનુભવું છું.

વર્ષ ૮ થી ૧૨, વર્ષ ૧૩ થી ૧૮, વર્ષ ૧૯ થી ૨૫ અને વર્ષ ૨૬ થી ૪૫ની વયના બાળકો/યુવાનો માટેની પ્રશિક્ષણ શિબિર પૂજનીયા શ્રીજીજી (પૂ.ગો.શ્રીઈન્દિરાબેટીજી) દ્વારા પ્રસ્થાપિત શ્રીવલ્લભ ફાઉન્ડેશન ટ્રસ્ટ દ્વારા વડોદરા મુકામે (૨૦ મે થી ૨૫ મે ૨૦૦૮) યોજવાનું નક્કી કરવામાં આવ્યું. તેમાં ઉપસ્થિત થનારા શિબિરાર્થીઓને પ્રશિક્ષણ અર્થે સરળ ભાષામાં અન્વય-ભાવાર્થ સાથેની અધ્યયનપુસ્તિકા અપેક્ષિત હતી તેથી આનું પ્રકાશન શીઘ્રતાથી લેવાનું નક્કી કરવામાં આવ્યું અને તે આજે મૂર્તરૂપમાં પ્રકટ થઈ રહ્યું છે.

યદ્યપિ પ્રયત્નપૂર્વક ભાવાર્થ-અન્વયમાં જેટલી શક્ય છે તેટલી સરળતા લાવવાનો પ્રયત્ન કર્યો છે જેથી બાળકોને સમજવામાં સુગમ થઈ પડે, તેમ છતાં પણ વધુ પડતું સરળ કરવામાં ગીતાકારનો જે આશય છે તે જ જતો રહે તેથી સિદ્ધાન્તની તથા ગીતાકારના આશયની જાળવણી કરતાં જેટલું શક્ય હતું તેમ કર્યું છે. દરેક શ્લોકના અન્વય-ભાવાર્થમાં ઘણું કરીને ગીતા ઉપરની પુષ્ટિમાર્ગીય બે ટીકાઓ (૧) શ્રીપુરુષોત્તમજી કૃત ‘અમૃતતરંગિણી’ અને (૨) શ્રીવલ્લભજીકૃત ‘તત્ત્વદીપિકા’ એમ બે ટીકાઓનું અનુસરણ કરીને ભાવાર્થ-અન્વય તૈયાર કર્યા છે. તેમજ અધ્યાયના અન્તે અધ્યાયના નામોલ્લેખમાં બ્રેકિટમાં (શ્રદ્ધાત્રય-વિભાગયોગો) એમ જે લખ્યું છે તે પ્રચલિત ગીતાના પુસ્તક અનુસાર આપ્યું છે અને શ્રદ્ધાવિવેકયોગ એ નામ ઉપર જણાવેલ ટીકાઓના જણાવ્યા મુજબ લખ્યું છે.

ગુજરાતી વિ.સં.૨૦૬૪,
ફાગણ સુદ-૧૩, બુધવાર
૧૯-૩-૨૦૦૮ -વડોદરા.

ગોસ્વામી ચન્દ્રગોપાલ
વડોદરા.

શ્રીમદ્‌ભગવદ્‌ગીતા–શ્રદ્ધાવિવેકયોગ
(શ્રદ્ધાત્રયવિભાગયોગ)
(સત્તરમો અધ્યાય)

અથ સપ્તદશોડધ્યાયઃ

અર્જુન ઉવાચ (અર્જુન બોલ્યો)

યે શાસ્ત્રવિધિમુત્સૃજ્ય યજન્તે શ્રદ્ધયાન્વિતાઃ ।
તેષાં નિષ્ઠા તુ કા કૃષ્ણ સત્ત્વમાહો રજસ્તમઃ ॥ ૧ ॥

શ્રીભગવાનુવાચ (શ્રીભગવાન બોલ્યા)

ત્રિવિધા ભવતિ શ્રદ્ધા દેહિનાં સા સ્વભાવજા ।
સાત્ત્વિકી રાજસી ચૈવ તામસી ચેતિ તાં શ્રૃણુ ॥ ૨ ॥

સત્ત્વાનુરૂપા સર્વસ્ય શ્રદ્ધા ભવતિ ભારત ।
શ્રદ્ધામયોડયં પુરુષઃ યો યચ્છ્રદ્ધઃ સ એવ સઃ ॥ ૩ ॥

યજન્તે સાત્ત્વિકા દેવાન્ યક્ષરક્ષાંસિ રાજસાઃ ।
પ્રેતાન્ ભૂતગણાંશ્ચાન્યે યજન્તે તામસા જનાઃ ॥ ૪ ॥

અશાસ્ત્રવિહિતં ઘોરં તપ્યન્તે યે તપો જનાઃ ।
દમ્ભાહંકાર સંયુક્તાઃ કામરાગબલાન્વિતાઃ ॥ ૫ ॥

કર્ષયન્તઃ શરીરસ્થં ભૂતગ્રામમચેતસઃ ।
માં ચૈવાન્તઃ શરીરસ્થં તાન્ વિદ્ધ્યાસુરનિશ્ચયાન્ ॥ ૬ ॥

આહારસ્ત્વપિ સર્વસ્ય ત્રિવિધો ભવતિ પ્રિયઃ ।
યજ્ઞસ્તપસ્તથા દાનં તેષાં ભેદમિમં શ્રૃણુ ॥ ૭ ॥

આયુઃ સત્ત્વબલારોગ્યસુખપ્રીતિવિવર્ધનાઃ ।

રસ્યાઃ સ્નિગ્ધાઃ સ્થિરા હૃદ્યા આહારાઃ સાત્ત્વિકપ્રિયાઃ ॥ ૮ ॥

કટ્વમ્લલવણાત્યુષ્ણતીક્ષ્ણરૂક્ષવિદાહિનઃ ।
આહારા રાજસસ્યેષ્ટા દુઃખશોકામયપ્રદાઃ ॥ ૯ ॥

યાતયામં ગતરસં પૂતિ પર્યુષિતં ચ યત્ ।
ઉચ્છિષ્ટમપિ ચામેધ્યં ભોજનં તામસપ્રિયમ્ ॥ ૧૦ ॥

અફલાકાંક્ષિભિર્યજ્ઞો વિધિદષ્ટો ય ઈજ્યતે ।
યષ્ટવ્યમેવેતિ મનઃ સમાધાય સ સાત્ત્વિકઃ ॥ ૧૧ ॥

અભિસન્ધાય તુ ફલં દમ્ભાર્થમપિ ચૈવ યત્ ।
ઈજ્યતે ભરતશ્રેષ્ઠ તં યજ્ઞં વિદ્ધિ રાજસમ્ ॥ ૧૨ ॥

વિધિહીનમસૃષ્ટાન્નં મન્ત્રહીનમદક્ષિણમ્ ।
શ્રદ્ધાવિરહિતં યજ્ઞં તામસં પરિચક્ષતે ॥ ૧૩ ॥

દેવ-દ્વિજ-ગુરુ-પ્રાજ્ઞ-પૂજનં શૌચમાર્જવમ્ ।
બ્રહ્મચર્યમહિંસા ચ શારીરં તપ ઉચ્યતે ॥ ૧૪ ॥

અનુદ્વેગકરં વાક્યં સત્યં પ્રિયહિતં ચ યત્ ।
સ્વાધ્યાયાભ્યસનં ચૈવ વાઙ્મયં તપ ઉચ્યતે ॥ ૧૫ ॥

મનઃ પ્રસાદઃ સૌમ્યત્વં મૌનમાત્મવિનિગ્રહઃ ।
ભાવસંશુદ્ધિરિત્યેતત્તપો માનસમુચ્યતે ॥ ૧૬ ॥

શ્રદ્ધયા પરયા તપ્તં તપસ્તત્ ત્રિવિધં નરૈઃ ।
અફલાકાંક્ષિભિર્યુક્તૈઃ સાત્ત્વિકં પરિચક્ષતે ॥ ૧૭ ॥

સત્કારમાનપૂજાર્થં તપો દમ્ભેન ચૈવ યત્ ।
ક્રિયતે તદિહ પ્રોક્તં રાજસં ચલમધ્રુવમ્ ॥ ૧૮ ॥

મૂઢગ્રાહેણાત્મનો યત્ પીડયા ક્રિયતે તપઃ ।
પરસ્યોત્સાદનાર્થં વા તત્તામસમુદાહૃતમ્ ॥ ૧૯ ॥

દાતવ્યમિતિ યદ્દાનં દીયતેડનુપકારિણે ।
દેશે કાલે ચ પાત્રે ચ તદ્દાનં સાત્ત્વિકં સ્મૃતમ્ ॥ ૨૦ ॥

યત્ તુ પ્રત્યુપકારાર્થં ફલમુદ્દિશ્ય વા પુનઃ ।
દીયતે ચ પરિક્લિષ્ટં તદ્દાનં રાજસં સ્મૃતમ્ ॥ ૨૧ ॥

અદેશકાલે યદ્દાનમપાત્રેભ્યશ્ચ દીયતે ।
અસત્કૃતમવજ્ઞાતં તત્તામસમુદાહૃતમ્ ॥ ૨૨ ॥

ૐ તત્સદિતિ નિર્દેશો બ્રહ્મણસ્ત્રિવિધઃ સ્મૃતઃ ।
બ્રાહ્મણાસ્તેન વેદાશ્ચ યજ્ઞાશ્ચ વિહિતાઃ પુરા ॥ ૨૩ ॥

તસ્માદોમિત્યુદાહૃત્ય યજ્ઞદાનતપઃક્રિયાઃ ।
પ્રવર્તન્તે વિધાનોક્તાઃ સતતં બ્રહ્મવાદિનામ્ ॥ ૨૪ ॥

તદિત્યનભિસન્ધાય ફલં યજ્ઞતપઃ ક્રિયાઃ ।
દાનક્રિયાશ્ચ વિવિધાઃ ક્રિયન્તે મોક્ષકાંક્ષિભિઃ ॥ ૨૫ ॥

સદ્ભાવે સાધુભાવે ચ સદિત્યેતત્ પ્રયુજ્યતે ।
પ્રશસ્તે કર્મણિ તથા સચ્છબ્દઃ પાર્થ યુજ્યતે ॥ ૨૬ ॥

યજ્ઞે તપસિ દાને ચ સ્થિતિઃ સદિતિ ચોચ્યતે ।
કર્મ ચૈવ તદર્થીયં સદિત્યેવાભિધીયતે ॥ ૨૭ ॥

અશ્રદ્ધયા હુતં દત્તં તપસ્તપ્તં કૃતં ચ યત્ ।
અસદિત્યુચ્યતે પાર્થ ન ચ તત્પ્રેત્ય નો ઈહ ॥ ૨૮ ॥

ઈતિ શ્રીમદ્ભગવદ્ગીતાસુ ઉપનિષત્સુ બ્રહ્મવિદ્યાયાં યોગશાસ્ત્રે શ્રીકૃષ્ણાર્જુનસંવાદે શ્રદ્ધાવિવેકયોગો (શ્રદ્ધાત્રયવિભાગયોગો) નામ સપ્તદશોડધ્યાયઃ ॥ ૧ ॥

॥ શ્રીકૃષ્ણાય નમઃ ॥

અથ સપ્તદશોડધ્યાયઃ

(ગીતાનો સત્તરમો અધ્યાય)

શ્રદ્ધાવિવેકયોગ(શ્રદ્ધાત્રયવિભાગયોગ)

અર્જુન ઉવાચ (અર્જુન બોલ્યો)

યે શાસ્ત્રવિધિમુત્સૃજ્ય યજન્તે શ્રદ્ધયાન્વિતાઃ ।
તેષાં નિષ્ઠા તુ કા કૃષ્ણ સત્ત્વમાહો રજસ્તમઃ ॥ ૧ ॥

અન્વય	અર્થ
કૃષ્ણ	હે કૃષ્ણ !
યે	જે લોકો
શાસ્ત્રવિધિમ્	શાસ્ત્રમાં વિધાન કરાયા મુજબના કર્તવ્યને (ગીતા વગેરે ભક્તિશાસ્ત્રોમાં વિધાન કરાયા મુજબના અનન્યતા વગેરે કર્તવ્યોને આ દુસ્તર છે તેમ જાણીને)
ઉત્સૃજ્ય	ત્યાગીને
શ્રદ્ધયા	(પરમ્પરાથી) ચાલ્યા આવતા આચાર પ્રવાહમાં પ્રવૃત્ત ભજન-પૂજન-અર્ચન વગેરેમાં) શ્રદ્ધા વડે (આસ્તિક્ય બુદ્ધિ વડે),
અન્વિતાઃ	(તે-તે દેવ-દેવીઓમાં) જોડાયેલા
યજન્તે	(પરમ્પરાથી ચાલ્યા આવતા તે-તે દેવ-દેવીઓનું) યજન પૂજન-અર્ચન વગેરે કરે છે
તુ	તો
તેષામ્	તેવા લોકોની
નિષ્ઠા	સ્થિતિ (નિતરાં સ્થિતિઃ) (અથવા આશ્રય)
કા	કઇ ?
સત્ત્વમ્	સત્ત્વમાં ?
આહો	અથવા
રજઃ	રજોગુણમાં ? (કે પછી)
તમઃ	તમો ગુણમાં છે ? ॥ ૧ ॥

ભાવાર્થ – હે કૃષ્ણ ! જે લોકો શાસ્ત્રમાં વિધાન કરાયા મુજબના કર્તવ્યને (ગીતા વગેરે ભક્તિશાસ્ત્રોમાં વિધાન કરાયા મુજબના અનન્યતા વગેરે કર્તવ્યોને આ દુસ્તર છે તેમ જાણીને) ત્યાગીને (પરમ્પરાથી) ચાલ્યા આવતા આચાર પ્રવાહમાં પ્રવૃત્ત ભજન-પૂજન-અર્ચન વગેરેમાં) શ્રદ્ધા વડે (આસ્તિક્ય બુદ્ધિ વડે), (તે-તે દેવ-દેવીઓમાં) જોડાયેલા (પરમ્પરાથી ચાલ્યા આવતા તે-તે દેવ-દેવીઓનું) યજન પૂજન-અર્ચન વગેરે કરે છે તો તેવા લોકોની સ્થિતિ (નિતરાં સ્થિતિઃ) (અથવા આશ્રય) કઇ ? સત્ત્વમાં ? અથવા રજોગુણમાં ? (કે પછી) તમોગુણમાં છે ? ॥ ૧ ॥

શ્રીભગવાનુવાચ (શ્રીભગવાન બોલ્યા)

ત્રિવિધા ભવતિ શ્રદ્ધા દેહિનાં સા સ્વભાવજા ।
સાત્ત્વિકી રાજસી ચૈવ તામસી ચેતિ તાં શ્રૃણુ ॥ ૨ ॥

અન્વય	અર્થ
દેહિનામ્	(ભક્તિશાસ્ત્રમાં કહ્યા અનુસારના મારા ભજનમાં શ્રદ્ધા એકરૂપા-નિર્ગુણા જ હોય છે કે જેનું ફલ મારી પ્રાપ્તિ થવી છે, તે શ્રદ્ધાથી અલગ જ) દેહ ધારણ કરેલાઓની
સા	તે
શ્રદ્ધા	શ્રદ્ધા (નિષ્ઠા)
સ્વભાવજા	(જીવાત્માથી અલગ-દેહ વગેરેના) સ્વભાવથી ઉત્પન્ન થયેલી હોય છે (અને તે)

સાત્ત્વિકી	સત્ત્વગુણના સ્વરૂપની,
ચ	અને
રાજસી	રજોગુણના સ્વરૂપની,
ચ	અને
તામસી	તમોગુણના સ્વરૂપની,
ઈતિ	એમ
ત્રિવિધા	ત્રણ પ્રકારની
એવ	જ
ભવતિ	થાય છે
તામ્	તેને (તે ત્રણ પ્રકારની શ્રદ્ધાને) (મારાથી તું)
શ્રૃણુ	સાંભળ ॥ ૨ ॥

ભાવાર્થ – (ભક્તિશાસ્ત્રમાં કહ્યા અનુસારના મારા ભજનમાં શ્રદ્ધા એકરૂપા-નિર્ગુણા જ હોય છે કે જેનું ફલ મારી પ્રાપ્તિ થવી છે, તે શ્રદ્ધાથી અલગ જ) દેહ ધારણ કરેલાઓની તે શ્રદ્ધા (નિષ્ઠા) (જીવાત્માથી અલગ-દેહ વગેરેના) સ્વભાવથી ઉત્પન્ન થયેલી હોય છે (અને તે) સત્ત્વગુણના સ્વરૂપની, અને રજોગુણના સ્વરૂપની, અને તમોગુણના સ્વરૂપની એમ ત્રણ પ્રકારની જ થાય છે તેને (તે ત્રણ પ્રકારની શ્રદ્ધાને) (મારાથી તું) સાંભળ ॥ ૨ ॥

સત્ત્વાનુરૂપા સર્વસ્ય શ્રદ્ધા ભવતિ ભારત ।
શ્રદ્ધામયોડયં પુરુષઃ યોયચ્છ્રદ્ધઃ સ એવ સઃ ॥ ૩ ॥

અન્વય	અર્થ
ભારત	હે ભારતવંશમાં ઉત્પન્ન અર્જુન !
સત્ત્વાનુરૂપા	પોતપોતાના સત્ત્વ-મૂલસત્ત્વ-મૂલ પ્રકૃતિને અનુરૂપ (અન્યધર્મોની અસ્ફૂર્તિ થઈને સર્વસામર્થ્યનું સ્ફુરણ-

	આસક્તિ-ઉત્પત્તિ-પ્રસરણ-આદર સ્વરૂપની)
શ્રદ્ધા	શ્રદ્ધા (નિષ્ઠા-સ્થિતિ)
સર્વસ્ય	સર્વની (સાત્ત્વિક-રાજસ્-તામસ્ ત્રણેની)
ભવતિ	થાય છે
અયં	આ (જીવ બનેલો-જીવત્વ લક્ષણનો આ)
પુરુષઃ	પુરુષ (મારો અંશ હોઈને પણ નરાત્મક-પુરુષાત્મક છે અને તે)
શ્રદ્ધામયઃ	શ્રદ્ધા-પ્રચુર છે. (તેથી કરીને)
યઃ	જે પુરુષ
યચ્છ્રદ્ધઃ	(સાત્ત્વિક વગેરે ભેદથી) જેની શ્રદ્ધાથી યુક્ત થાય છે
સઃ	તે
સ એવ	તે જ (તદ્રૂપ જ) થાય છે ॥ ૩ ॥

ભાવાર્થ – હે ભારતવંશમાં ઉત્પન્ન અર્જુન ! પોતપોતાના સત્ત્વ-મૂલસત્ત્વ-મૂલ પ્રકૃતિને અનુરૂપ (અન્યધર્મોની અસ્ફૂર્તિ થઈને સર્વસામર્થ્યનું સ્ફુરણ-આસક્તિ-ઉત્પત્તિ-પ્રસરણ-આદર સ્વરૂપની) શ્રદ્ધા (નિષ્ઠા-સ્થિતિ) સર્વની (સાત્ત્વિક-રાજસ્-તામસ્ ત્રણેની) થાય છે આ (જીવ બનેલો-જીવત્વ લક્ષણનો આ) પુરુષ (મારો અંશ હોઈને પણ નરાત્મક-પુરુષાત્મક છે અને તે) શ્રદ્ધા-પ્રચુર છે. (તેથી કરીને) જે પુરુષ (સાત્ત્વિક વગેરે ભેદથી) જેની શ્રદ્ધાથી યુક્ત થાય છે તે તે જ (તદ્રૂપ જ) થાય છે ॥ ૩ ॥

યજન્તે સાત્ત્વિકા દેવાન્ યક્ષરક્ષાંસિ રાજસાઃ ।
પ્રેતાન્ ભૂતગણાંશ્ચાન્યે યજન્તે તામસા જનાઃ ॥ ૪ ॥

અન્વય	અર્થ
સાત્ત્વિકાઃ	સાત્ત્વિકો (સાત્ત્વિક શ્રદ્ધા પ્રકૃતિવાળાઓ અથવા

	આધ્યાત્મિકી શ્રદ્ધાવાળાઓ),
દેવાન્	દેવોનું (વૈદિક દેવો - અગ્નિ, ઈન્દ્ર, સૂર્ય, વિષ્ણુ વગેરે તેમજ પૌરાણિક દેવો - અમ્બા, ગણપતિ વગેરે સત્ત્વગુણ પ્રધાન દેવોનું),
યજન્તે	યજન કરે છે (યજન, પૂજન, અર્ચન, આરાધના વગેરે કરે છે)
ચ	અને
રાજસાઃ	રાજસો (રાજસ્ શ્રદ્ધા-પ્રકૃતિવાળાઓ અથવા કર્મમાં શ્રદ્ધાવાળાઓ),
યક્ષ-રક્ષાંસિ	યક્ષો તથા રાક્ષસોનું (યક્ષો-દેવતાઓના ધનના ખજાનચી દેવ કુબેરના ધન તથા ઉદ્યાનની રક્ષા કરનાર એક દેવયોનિ તથા રાક્ષસો - 'રક્ષ્યતે હવિઃ અસ્માત્' જેનાથી હવિની રક્ષા કરવી પડે તેવા હવિનું હરણ કરનારા રાક્ષસો) (નું યજન કરે છે),
અન્યે	(તેમજ) બીજાઓ (સાત્ત્વિક-રાજસ્થી અલગ એવા),
તામસાઃ	તામસ (તામસ્ શ્રદ્ધા-પ્રકૃતિવાળા અથવા અધર્મમાં શ્રદ્ધાવાળા)
જનાઃ	મનુષ્યો
પ્રેતાન્	પ્રેતોનું (પિશાચ, કોટરા, પૂતના, સપ્તમાતૃકા વગેરેનું અને),
ભૂતગણાન્	ભૂતોના સમુદાયમાં રહેલાઓનું (શિવજીના ભૂતગણોનું અથવા મરીને અધોગતિ પામેલા આત્માઓનું)
યજન્તે	યજન કરે છે ॥ ૪ ॥

ભાવાર્થ – સાત્ત્વિકો (સાત્ત્વિક શ્રદ્ધા પ્રકૃતિવાળાઓ અથવા આધ્યાત્મિકી શ્રદ્ધાવાળાઓ) દેવોનું (વૈદિક દેવો - અગ્નિ, ઈન્દ્ર, સૂર્ય, વિષ્ણુ વગેરે તેમજ પૌરાણિક દેવો - અમ્બા, ગણપતિ વગેરે સત્ત્વગુણ પ્રધાન દેવોનું) યજન કરે છે (યજન, પૂજન, અર્ચન, આરાધના વગેરે કરે છે) અને રાજસો (રાજસ્ શ્રદ્ધા-પ્રકૃતિવાળાઓ અથવા કર્મમાં શ્રદ્ધાવાળાઓ) યક્ષો તથા રાક્ષસોનું (યક્ષો-દેવતાઓના ધનના ખજાનચી દેવ કુબેરના ધન તથા ઉદ્યાનની રક્ષા કરનાર એક દેવયોનિ તથા રાક્ષસો - 'રક્ષ્યતે હવિઃ અસ્માત્' જેનાથી હવિની રક્ષા કરવી પડે તેવા હવિનું હરણ કરનારા રાક્ષસો) (નું યજન કરે છે) અન્યે (તેમજ) બીજાઓ (સાત્ત્વિક - રાજસ્થી અલગ એવા) તામસ (તામસ્ શ્રદ્ધા-પ્રકૃતિવાળા અથવા અધર્મમાં શ્રદ્ધાવાળા)મનુષ્યો પ્રેતોનું (પિશાચ, કોટરા, પૂતના, સપ્તમાતૃકા વગેરેનું અને) ભૂતગણાન્ ભૂતોના સમુદાયમાં રહેલાઓનું (શિવજીના ભૂતગણોનું અથવા મરીને અધોગતિ પામેલા આત્માઓનું) યજન કરે છે ॥ ૪ ॥

અશાસ્ત્રવિહિતં ઘોરં તપ્યન્તે યે તપો જનાઃ ।
દમ્ભાહંકાર સંયુક્તાઃ કામરાગબલાન્વિતાઃ ॥ ૫ ॥
કર્ષયન્તઃ શરીરસ્થં ભૂતગ્રામમચેતસઃ ।
માં ચૈવાન્તઃ શરીરસ્થં તાન્ વિદ્ધ્યાસુરનિશ્ચયાન્ ॥ ૬ ॥

અન્વય	અર્થ
	(યદ્યપિ તપ-યજ્ઞ-દાન વગેરે સાત્ત્વિક છે અને તે કરનારાઓ સાત્ત્વિક છે, તેમ છતાં પણ તેવા સાત્ત્વિક જેવા દેખાતાં કર્મો પણ -)
યે	જે
જનાઃ	લોકો
અશાસ્ત્ર-વિહિતમ્	જેનું શાસ્ત્રમાં વિધાન કરવામાં આવ્યું નથી તેવું (અથવા શાસ્ત્રમાં જેનો નિષેધ કરવામાં આવ્યો છે તેવું - અન્ધ

	પરમ્પરાથી આવેલું તેવું)
ઘોરમ્	ઘોર (રાજ્ય-ધન વગેરેની અપેક્ષા રાખીને યક્ષ વગેરેની જેમાં પ્રસન્નતા થાય તેવું) (અથવા પોતાને કે બીજાને પીડા પહોંચે તેવું)
તપઃ	(ઘણા દિવસો સુધી અન્ન-જળ ન લેવું, ધોમધીખતા તાપમાં બેસવું, કાંટાઓ પર સૂવું - ચાલવું, શરીર પર ઘા કરવા વગેરે પીડાકારક) તપ (વડે),
તપ્યન્તે	તપે છે, (આવું તપ કરનારાઓ)
દમ્ભ-	પરપ્રતારણા (પોતે દેહાભિમાન રહિત-લોકાતીત છે તેવો દેખાડો અને)
અહંકાર-	અભિમાનથી (હું પણાથી થનારી ક્રિયા) (હું જ બધા કરતાં શ્રેષ્ઠ છું - બીજા બધા તુચ્છ છે તેમ સાબિત કરવું અને પોતે પણ તેમ માનવું તેવી માન્યતાથી)
સંયુક્તાઃ	સારી રીતે જોડાયેલા (તેમજ)
કામ-	વિષયો પ્રત્યેની અભિલાષા,
રાગ-	ભોગો પ્રત્યેની તીવ્ર આસક્તિ, (અને)
બલ-	આગ્રહ (ઉપર્યુક્ત તે બન્નેમાં અત્યધિક રુચિ-પ્રિયતા ધરાવનારા થઇ તેના માટેના જ દૃઢ નિશ્ચયવાળા),
અન્વિતાઃ	તેનાથી સારી રીતે જોડાયેલા (અથવા તેનાંથી પ્રેરિત થયેલા) ॥ ૫ ॥
શરીરસ્થમ્	શરીરરૂપમાં રહેલા
ભૂતગ્રામમ્	પંચ મહાભૂતોના સમુદાયને
ચ	અને
અન્તઃ - શરીરસ્થમ્	શરીરના મધ્યમાં અંદર (હૃદયપ્રદેશમાં પ્રેરકરૂપે રહેલ)

મામ્	મને (ઈશ્વરને)
એવ	પણ
કર્ષયન્તઃ	કૃશ કરતાં-દુબળો બનાવતાં (પૂર્વમાં કહ્યા મુજબ તપ કરનારાઓ)
તાન્	તે
અચેતસઃ	જ્ઞાનશૂન્યોને
આસુર-	મારા પ્રતિપક્ષરૂપમાં જેમનો નિશ્ચય છે તેવા તેઓ આસુરો
યાન્	છે (એમ તુ)
વિદ્ધિ	જાણ ॥ ૬ ॥

ભાવાર્થ – (યદ્યપિ તપ-યજ્ઞ-દાન વગેરે સાત્ત્વિક છે અને તે કરનારાઓ સાત્ત્વિક છે, તેમ છતાં પણ તેવા સાત્ત્વિક જેવા દેખાતાં કર્મો પણ -) જે લોકો જેનું શાસ્ત્રમાં વિધાન કરવામાં આવ્યું નથી તેવું (અથવા શાસ્ત્રમાં જેનો નિષેધ કરવામાં આવ્યો છે તેવું - અન્ધ પરમ્પરાથી આવેલું તેવું) ઘોર (રાજ્ય-ધન વગેરેની અપેક્ષા રાખીને યક્ષ વગેરેની જેમાં પ્રસન્નતા થાય તેવું) (અથવા પોતાને કે બીજાને પીડા પહોંચે તેવું) (ઘણા દિવસો સુધી અન્ન-જળ ન લેવું, ધોમધીખતા તાપમાં બેસવું, કાંટાઓ પર સૂવું - ચાલવું, શરીર પર ઘા કરવા વગેરે પીડાકારક) તપ (વડે) તપે છે, (આવું તપ કરનારાઓ) પરપ્રતારણા (પોતે દેહાભિમાન રહિત-લોકાતીત છે તેવો દેખાડો અને) અભિમાનથી (હું પણાથી થનારી ક્રિયા) (હું જ બધા કરતાં શ્રેષ્ઠ છું - બીજા બધા તુચ્છ છે તેમ સાબિત કરવું અને પોતે પણ તેમ માનવું તેવી માન્યતાથી) સારી રીતે જોડાયેલા (તેમજ) વિષયો પ્રત્યેની અભિલાષા, ભોગો પ્રત્યેની તીવ્ર આસક્તિ, (અને) આગ્રહ (ઉપર્યુક્ત તે બન્નેમાં અત્યધિક રુચિ-પ્રિયતા ધરાવનારા થઇ તેના માટેના જ દૃઢ નિશ્ચયવાળા) તેનાથી સારી રીતે જોડાયેલા (અથવા તેનાંથી પ્રેરિત થયેલા) ॥ ૫ ॥ શરીરરૂપમાં રહેલા પંચ મહાભૂતોના સમુદાયને અને શરીરના

મધ્યમાં અંદર (હૃદયપ્રદેશમાં પ્રેરકરૂપે રહેલ) મને (ઈશ્વરને) પણ કૃશ કરતાં-દુબળો બનાવતાં (પૂર્વમાં કહ્યા મુજબ તપ કરનારાઓ) તે જ્ઞાનશૂન્યોને મારા પ્રતિપક્ષરૂપમાં જે મનો નિશ્ચય છે તેવા તેઓ આસુરો છે (એમ તું) જાણ ॥ ૬ ॥

આહારસ્ત્વપિ સર્વસ્ય ત્રિવિધો ભવતિ પ્રિયઃ ।
યજ્ઞસ્તપસ્તથા દાનં તેષાં ભેદમિમં શ્રૃણુ ॥ ૭ ॥

અન્વય	અર્થ
આહારઃ	ભોજ્યપદાર્થ
અપિ	પણ
સર્વસ્ય	બધાને (ત્રાણેને - સાત્ત્વિકો, રાજસો, તામસોને પોતપોતાની પ્રકૃતિ અનુસાર)
ત્રિવિધાઃ	ત્રાણ પ્રકારે
પ્રિયઃ	પ્રિય
ભવતિ	થાય છે.
તુ	અને
તથા	તેવી જ રીતે
યજ્ઞઃ	યજ્ઞ,
તપઃ	તપ (અને)
દાનમ્	દાન (પણ તે મુજબ જ ત્રાણ-ત્રાણ પ્રકારના થાય છે)
તેષામ્	તે બધાના (આહાર, યજ્ઞ, તપ, દાનના)
ઈમમ્	આ (મુજબ)
ભેદમ્	ભેદને (મારાથી)
શ્રૃણુ	સાંભળ ॥ ૭ ॥

ભાવાર્થ – ભોજ્ય પદાર્થ પણ બધાને (ત્રાણેને - સાત્ત્વિકો, રાજસો, તામસોને પોતપોતાની પ્રકૃતિ અનુસાર) ત્રાણ પ્રકારે પ્રિય થાય છે. અને તેવી જ રીતે યજ્ઞ, તપ અને દાન (પણ તે મુજબ જ ત્રાણ પ્રકારના થાય છે) તે બધાના (આહાર, યજ્ઞ, તપ, દાનના) આ (મુજબ) ભેદને (મારાથી) સાંભળ ॥ ૭ ॥

આયુઃ સત્ત્વબલારોગ્યસુખપ્રીતિવિવર્ધનાઃ ।
રસ્યાઃ સ્નિગ્ધાઃ સ્થિરા હૃદ્યા આહારાઃ સાત્ત્વિકપ્રિયાઃ ॥ ૮ ॥

અન્વય	અર્થ
આયુઃ -	આયુષ્ય (જીવન શક્તિ),
સત્ત્વ-	જ્ઞાનશક્તિ (બુદ્ધિ),
બલ-	સામર્થ્ય (કાર્ય કરવાની શક્તિ),
આરોગ્ય-	રોગ વિનાનો દેહ,
સુખ -	માનસિક સન્તોષ,
પ્રીતિ -	સ્નેહ (અથવા તૃપ્તિનું સમ્પાદન) (આ બધાની)
વિવર્ધનાઃ	વિશેષરૂપે વૃદ્ધિ કરનાર (એવા)
રસ્યાઃ	રસવાળા
સ્નિગ્ધાઃ	સ્નેહ (પ્રમાણસર તેલ-ઘીથી યુક્ત)
સ્થિરાઃ	દીર્ઘકાલ પર્યન્ત દેહનું પોષણ કરનારા (અને)
હૃદ્યાઃ	મનને પ્રિય થનારા (રુચિકર)
આહારાઃ	ભોજ્ય પદાર્થો (ભોજન કરવાની વાનગીઓ)
સાત્ત્વિકપ્રિયાઃ	સાત્ત્વિકોને પ્રિય (થાય છે) (આ પ્રકારનો આહાર કરનારાઓ સાત્ત્વિકો છે એમ જાણવું) ॥ ૮ ॥

ભાવાર્થ – આયુષ્ય (જીવન શક્તિ), જ્ઞાનશક્તિ (બુદ્ધિ), સામર્થ્ય (કાર્ય કરવાની શક્તિ), રોગ વિનાનો દેહ, માનસિક સન્તોષ, સ્નેહ

(અથવા તૃપ્તિનું સમ્પાદન) (આ બધાની) વિશેષરૂપે વૃદ્ધિ કરનાર (એવા) રસવાળા સ્નેહ (પ્રમાણસર તેલ-ઘીથી યુક્ત) દીર્ઘકાલ પર્યન્ત દેહનું પોષણ કરનારા (અને) મનને પ્રિય થનારા (રુચિકર) ભોજ્ય પદાર્થો (ભોજન કરવાની વાનગીઓ) સાત્ત્વિકોને પ્રિય (થાય છે) (આ પ્રકારનો આહાર કરનારાઓ સાત્ત્વિકો છે એમ જાણવું) ॥ ૮ ॥

કટ્વમ્લલવણાત્યુષ્ણતીક્ષ્ણરૂક્ષવિદાહિનઃ ।
આહારા રાજસસ્યેષ્ટા દુઃખશોકામયપ્રદાઃ ॥ ૯ ॥

અન્વય	અર્થ
	(અહીં વપરાયેલો 'અતિ' શબ્દ પ્રત્યેક શબ્દ સાથે જોડવો)
(અતિ) કટુ	ઘણો કડવો,
(અતિ) અમ્લ	ઘણો ખાટો,
(અતિ)લવણ	ઘણો ખારો,
(અતિ)ઉષ્ણ	ઘણો ગરમ,
(અતિ)તીક્ષ્ણ	ઘણો તીખો,
(અતિ)રૂક્ષ	અતિશય રૂખો,
(અતિ) વિદાહિનઃ	ઘણો-વિશેષરૂપે દાહ કરનાર (એવો આ પ્રકારનો આહાર)
દુઃખ-	(ભક્ષણ કરવાના સમયે રસનામાં વિકાર આવવો વગેરે રૂપે) દુઃખ,
શોક -	(ભક્ષણ કર્યા પછી અજીર્ણ વગેરે થવાથી ખાવાનો પશ્ચાત્તાપ થવો વગેરેરૂપે) શોક (અને)
આમય-	(જ્વર વગેરે) રોગો
પ્રદાઃ -	આપનાર
આહારાઃ	આહાર-ભોજ્યપદાર્થ

રાજસસ્ય	રાજસ્ પુરુષને
ઈષ્ટાઃ	ઈષ્ટ-પ્રિય હોય છે (આવા પ્રકારનો આહાર લેનાર રાજસ્ જાણવો) ॥ ૯ ॥

ભાવાર્થ – (અહીં વપરાયેલો 'અતિ' શબ્દ પ્રત્યેક શબ્દ સાથે જોડવો) ઘણો કડવો, ઘણો ખાટો, ઘણો ખારો, ઘણો ગરમ, ઘણો તીખો, અતિશય રૂખો, ઘણો-વિશેષરૂપે દાહ કરનાર (એવો આ પ્રકારનો આહાર) (ભક્ષણ કરવાના સમયે રસનામાં વિકાર આવવો વગેરે રૂપે) દુઃખ, (ભક્ષણ કર્યા પછી અજીર્ણ વગેરે થવાથી ખાવાનો પશ્ચાત્તાપ થવો વગેરેરૂપે) શોક (અને) (જ્વર વગેરે) રોગો આપનાર આહાર-ભોજ્ય પદાર્થ રાજસ્ પુરુષને ઈષ્ટ-પ્રિય હોય છે (આવા પ્રકારનો આહાર લેનાર રાજસ્ જાણવો) ॥ ૯ ॥

યાતયામં ગતરસં પૂતિ પર્યુષિતં ચ યત્ ।
ઉચ્છિષ્ટમપિ ચામેધ્યં ભોજનં તામસપ્રિયમ્ ॥ ૧૦ ॥

અન્વય	અર્થ
યદ્	જે
ભોજનમ્	ભોજન (ભોજ્ય પદાર્થ)
યાતયામમ્	ભોજન તૈયાર થયા પછી ત્રણ કલાક વીતી ગયા હોય તેવું (ખીચડી-ખીર વગેરે),
ગતરસમ્	જેમાંથી રસ ચાલ્યો ગયો છે તેવું શુષ્ક-સૂકાઇ ગયેલું,
પૂતિ	દુર્ગન્ધવાળું,
પર્યુષિતમ્	એક રાત જૂનું-વાસી,
ચ	અને (સાત્ત્વિક-રાજસમાં બતાવાયેલ ભોજન પણ જો)
ઉચ્છિષ્ટમ્	બીજાનું એંઠું (હોય)
ચ	તેમજ જે

અમેધ્યમ્	(મૂળા, ગાજર, બીટ, કાંદા, લસણ, માંસ, ઈંડા વગેરે) અપવિત્ર (શાસ્ત્રનિંદ્ય-અભોજ્ય)
અપિ	પણ (તેવું ભોજન)
તામસપ્રિયમ્	તામસોને પ્રિય હોય છે (તેવું ભોજન કરનારો તામસ હોય છે)

ભાવાર્થ – જે ભોજન (ભોજ્ય પદાર્થ) ભોજન તૈયાર થયા પછી ત્રણ કલાક વીતી ગયા હોય તેવું (ખીચડી-ખીર વગેરે) જેમાંથી રસ ચાલ્યો ગયો છે તેવું શુષ્ક-સૂકાઈ ગયેલું દુર્ગન્ધવાળું એક રાત જૂનું-વાસી અને (સાત્ત્વિક-રાજસમાં બતાવાયેલ ભોજન પણ જો) બીજાનું એંઠું (હોય) તેમજ જે (મૂળા, ગાજર, બીટ, કાંદા, લસણ, માંસ, ઈંડા વગેરે) અપવિત્ર (શાસ્ત્રનિંદ્ય-અભોજ્ય) પણ (તેવું ભોજન) તામસોને પ્રિય હોય છે (તેવું ભોજન કરનારો તામસ હોય છે) ॥ ૧૦॥

અફલાકાંક્ષિભિર્યજ્ઞો વિધિદૃષ્ટો ય ઈજ્યતે ।
યષ્ટવ્યમેવેતિ મનઃ સમાધાય સ સાત્ત્વિકઃ ॥ ૧૧ ॥

અન્વય	અર્થ
અફલાકાંક્ષિભિઃ	કોઈ પણ પ્રકારના ફલને મેળવવાની આશા-ઈચ્છા રાખ્યા વિના માત્ર ભગવાનની પ્રસન્નતાને જ ઈચ્છનારા - ફલની આકાંક્ષા રહિત પુરુષ વડે,
વિધિદૃષ્ટઃ	વેદમાં જેનો અવશ્ય કર્તવ્યપણાએ બોધ કરાયો હોય તેવો
યઃ	જે (ભગવદાજ્ઞારૂપ),
યજ્ઞઃ	યજ્ઞ,
યષ્ટવ્યં-એવ	(ફલનું ચિત્તમાં અનુસંધાન કર્યા વિના) આ મારે કરવો જ જોઈએ
ઈતિ	એમ
મનઃ	મનને
સમાધાય	સમાધાન કરીને (મનને આ રીતે નિશ્ચલ કરીને)
ઈજ્યતે	(જે યજ્ઞનું) અનુષ્ઠાન કરવામાં આવે છે
સઃ	તે (યજ્ઞ)
સાત્ત્વિકઃ	સાત્ત્વિક છે ॥ ૧૧ ॥

ભાવાર્થ – કોઈ પણ પ્રકારના ફલને મેળવવાની આશા-ઈચ્છા રાખ્યા વિના માત્ર ભગવાનની પ્રસન્નતાને જ ઈચ્છનારા - ફલની આકાંક્ષા રહિત પુરુષ વડે, વેદમાં જેનો અવશ્ય કર્તવ્યપણાએ બોધ કરાયો હોય તેવો જે (ભગવદાજ્ઞારૂપ) યજ્ઞ (ફલનું ચિત્તમાં અનુસંધાન કર્યા વિના) આ મારે કરવો જ જોઈએ એમ મનને સમાધાન કરીને (મનને આ રીતે નિશ્ચલ કરીને) (જે યજ્ઞનું) અનુષ્ઠાન કરવામાં આવે છે તે (યજ્ઞ) સાત્ત્વિક છે ॥ ૧૧ ॥

અભિસન્ધાય તુ ફલં દમ્ભાર્થમપિ ચૈવ યત્ ।
ઈજ્યતે ભરતશ્રેષ્ઠ તં યજ્ઞં વિદ્ધિ રાજસમ્ ॥ ૧૨ ॥

અન્વય	અર્થ
તુ	પરંતુ
ભરતશ્રેષ્ઠ	ભરતવંશીઓમાં શ્રેષ્ઠ હે અર્જુન !
ફલમ્	સ્વર્ગ-પુત્ર વગેરે ફલને
એવ	જ
અભિસંધાય	ઉદ્દેશીને-અભિસન્ધાન કરીને
ચ	અને
દમ્ભાર્થમ્	લોકમાં પોતાની ખ્યાતિને અર્થે દમ્ભ વગેરેથી
અપિ	પણ
યત્	જે યજ્ઞનું

ઈજ્યતે	અનુષ્ઠાન કરવામાં આવે છે
તમ્	તે (તેવા)
યજ્ઞમ્	યજ્ઞને (તું)
રાજસમ્	રાજસ છે તેમ
વિદ્ધિ	જાણ ॥ ૧૨ ॥

ભાવાર્થ– પરંતુ ભરતવંશીઓમાં શ્રેષ્ઠ હે અર્જુન ! સ્વર્ગ-પુત્ર વગેરે ફલને જ ઉદ્દેશીને-અભિસન્ધાન કરીને અને લોકમાં પોતાની ખ્યાતિને અર્થે દમ્ભ વગેરેથી પણ જે યજ્ઞનું અનુષ્ઠાન કરવામાં આવે છે તે (તેવા) યજ્ઞને (તું) રાજસ છે તેમ જાણ ॥ ૧૨ ॥

વિધિહીનમસૃષ્ટાન્નં મન્ત્રહીનમદક્ષિણમ્ ।
શ્રદ્ધાવિરહિતં યજ્ઞં તામસં પરિચક્ષતે ॥ ૧૩ ॥

અન્વય	અર્થ
વિધિહીનમ્	વેદોમાં બતાવ્યા મુજબની વિધિ વિનાનો,
અસૃષ્ટાન્નમ્	અન્નદાન વગેરે વિનાનો,
મન્ત્રહીનમ્	મંત્રો વડે દેવતાઓનું આવાહન વગેરે વિનાનો,
અદક્ષિણમ્	વિધાન કરાયેલ દક્ષિણા વિનાનો (અને),
શ્રદ્ધાવિરહિતમ્	શ્રદ્ધા-આદર વિનાનો (એવો કરાતો)
યજ્ઞમ્	યજ્ઞ
તામસમ્	તામસ યજ્ઞ (છે એમ મોટાઓ)
પરિચક્ષતે	કહે છે ॥ ૧૩ ॥

ભાવાર્થ – વેદોમાં બતાવ્યા મુજબની વિધિ વિનાનો, અન્નદાન વગેરે વિનાનો, મંત્રો વડે દેવતાઓનું આવાહન વગેરે વિનાનો વિધાન કરાયેલ દક્ષિણા વિનાનો (અને) શ્રદ્ધા-આદર વિનાનો (એવો કરાતો) યજ્ઞ તામસ યજ્ઞ (છે એમ મોટાઓ) કહે છે ॥ ૧૩ ॥

દેવ-દ્વિજ-ગુરુ-પ્રાજ્ઞ-પૂજનં શૌચમાર્જવમ્ ।
બ્રહ્મચર્યમહિંસા ચ શારીરં તપ ઉચ્યતે ॥ ૧૪ ॥

અન્વય	અર્થ
દેવ	બ્રહ્મા, સૂર્ય, અગ્નિ વગેરે દેવોનું,
દ્વિજ	વેદમાં નિષ્ઠા રાખનારા બ્રાહ્મણોનું,
ગુરુ	મન્ત્રોપદેશ કરીને મન્ત્રના રહસ્યનો સકલ્પ ઉપદેશ આપનારનું, (અને)
પ્રાજ્ઞ	શાસ્ત્રમાં સર્વ પ્રકારે પરિનિષ્ઠા પામેલા પંડિતોનું વિધિ અનુસાર
પૂજનમ્	પૂજન કરવું, (તેમજ)
શૌચમ્	(માટી વગેરેથી) પવિત્રતા રાખવી,
આર્જવમ્	ઋજુતા (સરલતા) રાખવી,
બ્રહ્મચર્યમ્	ઈન્દ્રિયોનો નિગ્રહ કરવો
ચ	અને
અહિંસા	બીજાનો દ્રોહ ન કરવો (આ બધું)
શારીરમ્	શરીર સમ્બન્ધી
તપઃ	તપ
ઉચ્યતે	કહેવાય છે ॥ ૧૪ ॥

ભાવાર્થ – બ્રહ્મા, સૂર્ય, અગ્નિ વગેરે દેવોનું, વેદમાં નિષ્ઠા રાખનારા બ્રાહ્મણોનું, મન્ત્રોપદેશ કરીને મન્ત્રના રહસ્યનો સકલ્પ ઉપદેશ આપનારનુ (અને) શાસ્ત્રમાં સર્વ પ્રકારે પરિનિષ્ઠા પામેલા પંડિતોનું વિધિ અનુસાર પૂજન કરવું. (તેમજ) (માટી વગેરેથી) પવિત્રતા રાખવી, ઋજુતા (સરલતા) રાખવી, ઈન્દ્રિયોનો નિગ્રહ કરવો અને બીજાનો દ્રોહ

ન કરવો (આ બધું) શરીર સમ્બન્ધી તપ કહેવાય છે ॥ ૧૪ ॥

અનુદ્વેગકરં વાક્યં સત્યં પ્રિયહિતં ચ યત્ ।
સ્વાધ્યાયાભ્યસનં ચૈવ વાઙ્મયં તપ ઉચ્ચતે ॥ ૧૫ ॥

અન્વય	અર્થ
યત્	જે
અનુદ્વેગકરમ્	કોઈને પણ ઉદ્વેગ (ભય) ન થાય તેવું,
પ્રિયહિતમ્	જે પ્રિય (પરલોક સમ્બન્ધે) તથા હિત (આલોક વગેરે સમ્બન્ધે) કરનાર (સાધનાર) હોય તેવું.
ચ	અને
સત્યમ્	જે યથાર્થ ભાષણરૂપ હોય તેવું (બોલાયેલું)
વાક્યમ્	વાક્ય
ચ	અને
સ્વાધ્યાય-અભ્યસનમ્	પોતાની શાખાનો વેદ (અને વેદના અવિરોધે સ્મૃતિઓનો) અભ્યાસ-પઠન
એવ	આ બધું
વાઙ્મયમ્	વાણી સમ્બન્ધી
તપઃ	તપ
ઉચ્યતે	કહેવામાં આવે છે ॥ ૧૫ ॥

ભાવાર્થ – જે કોઈને પણ ઉદ્વેગ (ભય) ન થાય તેવું, જે પ્રિય (પરલોક સમ્બન્ધે) તથા હિત (આલોક વગેરે સમ્બન્ધે) કરનાર (સાધનાર) હોય તેવું. અને જે યથાર્થ ભાષણરૂપ હોય તેવું (બોલાયેલું) વાક્ય અને પોતાની શાખાનો વેદ (અને વેદના અવિરોધે સ્મૃતિઓનો) અભ્યાસ-પઠન આ બધું વાણી સમ્બન્ધી તપ કહેવામાં આવે છે ॥ ૧૫ ॥

મનઃ પ્રસાદઃ સૌમ્યત્વં મૌનમાત્મવિનિગ્રહઃ ।
ભાવસંશુદ્ધિરિત્યેતત્તપો માનસમુચ્યતે ॥ ૧૬ ॥

અન્વય	અર્થ
મનઃપ્રસાદઃ	મનની પ્રસન્નતા થવી (મનની સ્વચ્છતા-સદ્ વિષયોનું સર્વ પ્રકારે ચિન્તન થવું),
સૌમ્યત્વમ્	સૌમ્ય-શાન્ત પણું (અક્રૂરતા હોવી),
મૌનમ્	મૌન (મનન કરવું),
આત્મ-વિનિગ્રહઃ	મનનો નિગ્રહ (એટલે કે અન્તઃકરણને વિષયોથી દૂર રાખવું),
ભાવસંશુદ્ધિઃ	અન્તઃકરણના ભાવો-સ્નેહ વગેરે વિષયોમાં કાપટ્યનો અભાવ,
ઈતિ	આ પ્રકારે
એતત્	આ બધું
માનસમ્	મન સમ્બન્ધી
તપઃ	તપ
ઉચ્યતે	કહેવાય છે ॥ ૧૬ ॥

ભાવાર્થ – મનની પ્રસન્નતા થવી (મનની સ્વચ્છતા-સદ્ વિષયોનું સર્વ પ્રકારે ચિન્તન થવું), સૌમ્ય-શાન્ત પણું (અક્રૂરતા હોવી), મૌન (મનન કરવું), મનનો નિગ્રહ (એટલે કે અન્તઃકરણને વિષયોથી દૂર રાખવું), અન્તઃકરણના ભાવો-સ્નેહ વગેરે વિષયોમાં કાપટ્યનો અભાવ, આ પ્રકારે આ બધું મન સમ્બન્ધી તપ કહેવાય છે ॥ ૧૬ ॥

શ્રદ્ધયા પરયા તપ્તં તપસ્તત્ ત્રિવિધં નરૈઃ ।
અફલાકાંક્ષિભિર્યુક્તૈઃ સાત્ત્વિકં પરિચક્ષતે ॥ ૧૭ ॥

અન્વય	અર્થ
અફલાકાંક્ષિભિઃ	ફલની આકાંક્ષા નહીં રાખનારા (અને)
યુક્તૈઃ	શાસ્ત્રની આજ્ઞાનું યથોચિત પાલન કરનારા (એવા)
નરૈઃ	પુરુષો વડે
પરયા	પરમ
શ્રદ્ધયા	શ્રદ્ધાથી (અનન્ય આદરપૂર્વક)
તપ્તમ્	કરવામાં આવેલ
તત્	તે (પહેલાં કહેવાયેલ)
ત્રિવિધમ્	ત્રણ પ્રકારનું (કાયિક-વાચિક-માનસિક)
તપઃ	તપ
સાત્ત્વિકમ્	સાત્ત્વિક
પરિચક્ષતે	કહેવાય છે ।। ૧૭ ।।

ભાવાર્થ – ફલની આકાંક્ષા નહીં રાખનારા (અને) શાસ્ત્રની આજ્ઞાનું યથોચિત પાલન કરનારા (એવા) પુરુષો વડે પરમ શ્રદ્ધાથી (અનન્ય આદરપૂર્વક) કરવામાં આવેલ તે (પહેલાં કહેવાયેલ) ત્રણ પ્રકારનું (કાયિક-વાચિક-માનસિક) તપ સાત્ત્વિક કહેવાય છે ।। ૧૭ ।।

સત્કારમાનપૂજાર્થં તપો દમ્ભેન ચૈવ યત્ ।
ક્રિયતે તદિહ પ્રોક્તં રાજસં ચલમધ્રુવમ્ ।। ૧૮ ।।

અન્વય	અર્થ
યત્	જે
તપઃ	તપ (કારણ વિના ખુલ્લા પગે ચાલવું, ચાન્દ્રાયણાદિવ્રતો કરવા, જે બીજાઓ ન સહી શકે તેવાં કષ્ટો ઉઠાવવા વગેરે સ્વરૂપનું તપ)
સત્કાર-	આ માણસ બહુ જ સાધુ છે, સિદ્ધ છે, તપસ્વી છે, વિદ્વાન છે વગેરે શબ્દો લોકમાં બોલાય તે અર્થે,
માન-	સભા વગેરેમાં અતિથિવિશેષ-અધ્યક્ષ-આમંત્રિત વગેરે ઉત્તમ રૂપમાં ઉચ્ચ આસન પર બેસવું તે અર્થે
પૂજા - ચ- અર્થમ્	અને પોતાને લાભ-પૂજા થાય તે અર્થે (પાદપ્રક્ષાલન-ભેટ વગેરે અર્થે)
એવ	માત્ર આ બધાને માટે જ (આ સિવાયના પણ બીજા સ્વાર્થ વિષયોને માટે જ)
દમ્ભેન	દમ્ભપૂર્વક (બીજાઓને ઠગવા માટે પોતે જે છે તેથી અલગ અને પોતે જે નથી તેવી પોતાની જાત જાહેરમાં પ્રદર્શિત કરીને)
ક્રિયતે	કરવામાં આવે છે
તત્	તે
ચલમ્	અસ્થિર સ્વર્ગ-દ્રવ્યાદિ-લૌકિક ફલવાળું (જેમાં અધઃપતનનો ભય છે તેવું અને)
અધ્રુવમ્	નશ્વર તથા અલ્પ ફલવાળું
ઈહ	અહીં (શાસ્ત્રોમાં)
રાજસમ્	રાજસ્ (તપ)
પ્રોક્તમ્	કહ્યું છે ।। ૧૮ ।।

ભાવાર્થ – જે તપ (કારણ વિના ખુલ્લા પગે ચાલવું, ચાન્દ્રાયણાદિ વ્રતો કરવાં, જે બીજાઓ ન સહી શકે તેવાં કષ્ટો ઉઠાવવા વગેરે સ્વરૂપનું તપ) આ માણસ બહુ જ સાધુ છે, સિદ્ધ છે, તપસ્વી છે, વિદ્વાન છે વગેરે શબ્દો લોકમાં બોલાય તે અર્થે, સભા વગેરેમાં અતિથિવિશેષ-અધ્યક્ષ-આમંત્રિત વગેરે ઉત્તમ રૂપમાં ઉચ્ચ આસન પર બેસવું તે અર્થે અને પોતાને લાભ-પૂજા થાય તે અર્થે (પાદપ્રક્ષાલન-ભેટ વગેરે અર્થે) માત્ર આ બધાને માટે જ (આ સિવાયના પણ બીજા સ્વાર્થ વિષયોને માટે જ) દમ્ભપૂર્વક

(બીજાઓને ઠગવા માટે પોતે જે છે તેથી અલગ અને પોતે જે નથી તેવી પોતાની જાત જાહેરમાં પ્રદર્શિત કરીને) કરવામાં આવે છે તે અસ્થિર સ્વર્ગ-દ્રવ્યાદિ-લૌકિક ફલવાળું (જેમાં અધઃપતનનો ભય છે તેવું અને) નશ્વર તથા અલ્પ ફલવાળું અહીં (શાસ્ત્રોમાં) રાજસ્ (તપ) કહ્યું છે ।। ૧૮ ।।

મૂઢગ્રાહેણાત્મનો યત્ પીડયા ક્રિયતે તપઃ ।
પરસ્યોત્સાદનાર્થં વા તત્તામસમુદાહૃતમ્ ॥ ૧૯ ॥

અન્વય	અર્થ
યત્	જે
તપઃ	તપ
મૂઢગ્રાહેણ	મૂર્ખતાવશ હઠાગ્રહથી
આત્મનઃ	જીવને
પીડયા	પીડા વડે (પીડા આપીને)
વા	અથવા
પરસ્ય-ઉત્સાદનાર્થમ્	બીજાનો નાશ કરવા માટે (અથવા બીજાનું અનિષ્ટ કરવા માટે
ક્રિયતે	કરવામાં આવે છે
તત્	તે (તપ)
તામસમ્	તામસ
ઉદાહૃતમ્	(અયુક્તરૂપમાં) કહેવાયું છે ।। ૧૯ ।।

ભાવાર્થ – જે તપ મૂર્ખતાવશ હઠાગ્રહથી જીવને પીડા વડે (પીડા આપીને) અથવા બીજાનો નાશ કરવા માટે (અથવા બીજાનું અનિષ્ટ કરવા માટે) કરવામાં આવે છે તે (તપ) તામસ (અયુક્તરૂપમાં) કહેવાયું છે ।। ૧૯ ।।

દાતવ્યમિતિ યદ્દાનં દીયતેડનુપકારિણે ।
દેશે કાલે ચ પાત્રે ચ તદ્દાનં સાત્ત્વિકં સ્મૃતમ્ ॥ ૨૦ ॥

અન્વય	અર્થ
દાતવ્યમ્	(સંઘરેલું ધન અનર્થકારી છે એમ તથા ઈષ્ટભક્તિમાં આપવું તે સાધક બનશે તેથી મારે) 'આપવું જ જોઈએ'
ઈતિ	એમ જાણીને - તેવા ભાવ વડે
યત્	જે
દાનમ્	દાન
દેશે	(કુરુક્ષેત્ર વગેરે) દેશ
ચ	તેમજ (વિશેષ કાલ વિના પણ વિવાહ વગેરે ઉપસ્થિત થતાં માંગનારાઓને)
કાલે	ગ્રહણ-સંક્રાન્તિ વગેરે કાલ
ચ	અને
પાત્રે	વેદમાં જે વિશારદ હોય તેવા સુપાત્ર (વેદમાં જ જેની વિશેષ અને વિશિષ્ટ પ્રકારે બુદ્ધિ સ્થિર હોય તેવા સુપાત્ર) પ્રાપ્ત થતાં તેમજ
અનુપકારિણે	જે ઉપકાર કરવા (આપ્યાનો બીજી રીતે બદલો વાળવા) સમર્થ ન હોય (અથવા જેનો પોતાના ઉપર કોઈ ઉપકાર ન હોય-એટલે કે કોઈએ ઉપકાર કર્યો હોય તેનો બદલો વાળી આપવાની ભાવનાથી બુદ્ધિથી નહીં)
તદ્	તે (તેવું)
દાનમ્	દાન
સાત્ત્વિકમ્	સાત્ત્વિક પ્રકારે
સ્મૃતમ્	શાસ્ત્રો-વિદ્વાનોમાં પ્રસિદ્ધ છે ।। ૨૦ ।।

ભાવાર્થ – (સંઘરેલું ધન અનર્થકારી છે એમ તથા ઈષ્ટભક્તિમાં આપવું એ સાધક બનશે તેથી મારે) 'આપવું જ જોઈએ' એમ જાણીને - તેવા ભાવ વડે જે દાન (કુરુક્ષેત્ર વગેરે) દેશ તેમજ (વિશેષ કાલ વિના પણ વિવાહ વગેરે ઉપસ્થિત થતાં માંગનારાઓને) ગ્રહણ-સંક્રાન્તિ વગેરે કાલ અને વેદમાં જે વિશારદ હોય તેવા સુપાત્ર (વેદમાં જ જેની વિશેષ અને વિશિષ્ટ પ્રકારે બુદ્ધિ સ્થિર હોય તેવા સુપાત્ર) પ્રાપ્ત થતાં તેમજ જે ઉપકાર કરવા (આપ્યાનો બીજી રીતે બદલો વાળવા) સમર્થ ન હોય (અથવા જેનો પોતાના ઉપર કોઈ ઉપકાર ન હોય-એટલે કે કોઈએ ઉપકાર કર્યો હોય તેનો બદલો વાળી આપવાની ભાવનાથી બુદ્ધિથી નહીં) તે (તેવું) દાન સાત્ત્વિક પ્રકારે શાસ્ત્રો-વિદ્વાનોમાં પ્રસિદ્ધ છે ।। ૨૦ ।।

યત્ તુ પ્રત્યુપકારાર્થં ફલમુદ્દિશ્ય વા પુનઃ ।
દીયતે ચ પરિક્લિષ્ટં તદ્ દાનં રાજસં સ્મૃતમ્ ॥ ૨૧ ॥

અન્વય	અર્થ
તુ	કિન્તુ
યત્	જે (અનુચિત પ્રકારનું દાન)
પરિક્લિષ્ટમ્	ચિત્તમાં ક્લેશપૂર્વક
ચ	અને
પ્રત્યુપકારાર્થમ્	પ્રત્યુપકાર થાય તે અર્થે (આપ્યા પછી તેનાથી બીજી રીતે પણ કંઈક મેળવવાની આશાથી-જેમ કે આધુનિકમાં ચંદા-ચિટ્ઠામાં આપીને તેનાથી નામ કમાવું વગેરે અથવા મંદિરમાં આપી તેના બદલામાં પોતાની આવશ્યકતા મુજબ પ્રસાદ મેળવવા અથવા કોઈક રાજા-મિનિસ્ટર વગેરેના કૃપાપાત્ર બ્રાહ્મણને આપી તેના વડે રાજા-મિનિસ્ટર પાસેથી કોઈક કામ કરાવી લેવાની આશા)
વા	અથવા
પુનઃ	વળી
ફલમ્	(ધર્મ-અર્થ-કામ-મોક્ષ સિદ્ધિરૂપ) ફલને
ઉદ્દિશ્ય	ઉદ્દેશીને (તે ફલ મેળવવા માટે)
દીયતે	આપવામાં આવે છે
તત્	તેવું
દાનમ્	દાન (આપેલું)
રાજસમ્	રાજસ પ્રકારનું
સ્મૃતમ્	કહેવાયેલું છે ।। ૨૧ ।।

ભાવાર્થ – કિન્તુ જે (અનુચિત પ્રકારનું દાન) ચિત્તમાં ક્લેશપૂર્વક અને પ્રત્યુપકાર થાય તે અર્થે (આપ્યા પછી તેનાથી બીજી રીતે પણ કંઈક મેળવવાની આશાથી-જેમ કે આધુનિકમાં ચંદા-ચિટ્ઠામાં આપીને તેનાથી નામ કમાવું વગેરે અથવા મંદિરમાં આપી તેના બદલામાં પોતાની આવશ્યકતા મુજબ પ્રસાદ મેળવવા અથવા કોઈક રાજા-મિનિસ્ટર વગેરેના કૃપાપાત્ર બ્રાહ્મણને આપી તેના વડે રાજા-મિનિસ્ટર પાસેથી કોઈક કામ કરાવી લેવાની આશા) અથવા વળી (ધર્મ-અર્થ-કામ-મોક્ષ સિદ્ધિરૂપ) ફલને ઉદ્દેશીને (તે ફલ મેળવવા માટે) આપવામાં આવે છે તેવું દાન (આપેલું) રાજસ પ્રકારનું કહેવાયેલું છે ।। ૨૧ ।।

અદેશકાલે યદ્દાનમપાત્રેભ્યશ્ચ દીયતે ।
અસત્કૃતમવજ્ઞાતં તત્તામસમુદાહૃતમ્ ॥ ૨૨ ॥

અન્વય	અર્થ
યત્	જે
દાનમ્	દાન
અદેશ-કાલે	અદેશ - શાસ્ત્રનિષિદ્ધ કૈકટ વગેરે અથવા મ્લેચ્છોના દેશમાં અથવા મ્લેચ્છોના સન્નિધાનમાં, અકાલ - પોતાની

	અશ્રદ્ધાવાળી અવસ્થા અથવા સૂતક-રજસ્વલા વગેરે અપવિત્ર અવસ્થામાં અથવા નિષિદ્ધકાલમાં
ચ	અને
અપાત્રેભ્યઃ	ગણિકા, મદ્યપાન કરનાર, માંસાદિ ભક્ષણ કરનારા, ચોરી લૂંટફાટ કરનારા વગેરે કે જેને આપવાથી પુણ્ય ઉત્પન્ન થતું નથી, બલ્કે દાન માટે નિષિદ્ધ હોવાથી પાપ પણ લાગે છે તેવાં પાત્રોને
વા	અથવા (દેશ-કાલ-પાત્ર બધું બરાબર હોય તો પણ)
અસત્કૃતમ્	સત્કાર, પ્રિયવચન, પાદપ્રક્ષાલન, પૂજા, વગેરે વિના જ (અને)
અવજ્ઞાતમ્	અવજ્ઞાથી-તિરસ્કારથી (અથવા આપનાર-લેનાર વચ્ચે સદ્‌ભાવ વિના)
દીયતે	આપવામાં આવે છે
તદ્	તેવું (દાન)
તામસમ્	તામસ
ઉદાહૃતમ્	કહેવાયેલું છે ॥ ૨ ૨ ॥

ભાવાર્થ – જે દાન અદેશ - શાસ્ત્રનિષિદ્ધ કૈકટ વગેરે અથવા મ્લેચ્છોના દેશમાં અથવા મ્લેચ્છોના સન્નિધાનમાં, અકાલ - પોતાની અશ્રદ્ધાવાળી અવસ્થા અથવા સૂતક-રજસ્વલા વગેરે અપવિત્ર અવસ્થામાં અથવા નિષિદ્ધકાલમાં અને ગણિકા, મદ્યપાન કરનાર, માંસાદિ ભક્ષણ કરનારા, ચોરી લૂટફાટ કરનારા વગેરે કે જેને આપવાથી પુણ્ય ઉત્પન્ન થતું નથી, બલ્કે દાન માટે નિષિદ્ધ હોવાથી પાપ પણ લાગે છે તેવા પાત્રોને અથવા (દેશ-કાલ-પાત્ર બધું બરાબર હોય તો પણ) સત્કાર, પ્રિયવચન, પાદપ્રક્ષાલન, પૂજા, વગેરે વિના જ (અને) અવજ્ઞાથી-તિરસ્કારથી (અથવા આપનાર-લેનાર વચ્ચે સદ્‌ભાવ વિના)

આપવામાં આવે છે તેવું (દાન) તામસ કહેવાયેલું છે ॥ ૨ ૨ ॥

ૐ તત્સદિતિ નિર્દેશો બ્રહ્મણસ્ત્રિવિધઃ સ્મૃતઃ ।
બ્રાહ્મણાસ્તેન વેદાશ્ચ યજ્ઞાશ્ચ વિહિતાઃ પુરા ॥ ૨૩ ॥

અન્વય	અર્થ
ૐ,તત્,સત્	ૐ, તત્, સત્
ઈતિ	એમ આ
ત્રિવિધઃ	ત્રણ પ્રકારે
બ્રહ્મણઃ	સચ્ચિદાનન્દ પુરુષોત્તમ પરબ્રહ્મના (અને બ્રહ્મ=વેદના)
નિર્દેશઃ	નિર્દેશ એટલે કે નામ
સ્મૃતઃ	બ્રહ્મા વગેરે ભક્તો વડે કહ્યા છે.
તેન	તેના વડે (તે ત્રિવિધ નિર્દેશ વડે)
પુરા	સૃષ્ટિના આદિકાલમાં
બ્રાહ્મણાઃ	બ્રાહ્મણો (બ્રહ્મને જાણનારાઓ, બ્રહ્મને પ્રાપ્ત કરાવનારાઓ),
ચ	અને
વેદાઃ	વેદો (બ્રહ્મસ્વરૂપ વેદો કે જે બ્રહ્મસ્વરૂપને જાણનાર છે)
ચ	અને
યજ્ઞાઃ	યજનસ્વરૂપના યજ્ઞો
વિહિતાઃ	(બ્રહ્મ-ભગવાને) સર્જ્યા છે ॥ ૨ ૩ ॥

ભાવાર્થ – ૐ, તત્, સત્ એમ આ ત્રણ પ્રકારે સચ્ચિદાનન્દ પુરુષોત્તમ પરબ્રહ્મના (અને બ્રહ્મ=વેદના) નિર્દેશ એટલે કે નામ બ્રહ્મા વગેરે ભક્તો વડે કહ્યા છે. તેના વડે (તે ત્રિવિધ નિર્દેશ વડે) સૃષ્ટિના આદિકાલમાં બ્રાહ્મણો (બ્રહ્મને જાણનારાઓ, બ્રહ્મને પ્રાપ્ત કરાવનારાઓ), અને વેદો (બ્રહ્મસ્વરૂપ વેદો કે જે બ્રહ્મસ્વરૂપને જાણનાર છે)અને યજનસ્વરૂપના

યજ્ઞો (બ્રહ્મ-ભગવાને) સર્જ્યા છે ।। ૨૩ ।।

તસ્માદોમિત્યુદાહૃત્ય યજ્ઞદાનતપઃક્રિયાઃ ।
પ્રવર્તન્તે વિધાનોક્તાઃ સતતં બ્રહ્મવાદિનામ્ ।। ૨૪ ।।

અન્વય	અર્થ
તસ્માત્	તેથી કરીને
બ્રહ્મવાદિનામ્	બ્રહ્મમાં જ જેમની વાણી રમમાણ છે એવા બ્રહ્મવાદી ભગવાનના ભક્તોની (ભગવાનને અર્થે જ)
વિધાનોક્તાઃ	ભગવદાજ્ઞારૂપ વેદોમાં કહ્યા મુજબ
યજ્ઞ	યજ્ઞરૂપ
દાન	દાનરૂપ
તપઃ	તપરૂપ
ક્રિયાઃ	ક્રિયાઓ
સતતમ્	સદા-હમેશાં
ઓમ્	ઓમ્
ઈતિ	એમ પરમાત્માના નામનું
ઉદાહૃત્ય	ઉચ્ચારણ કરીને
પ્રવર્તન્તે	આરંભ થાય છે ।। ૨૪ ।।

ભાવાર્થ – તેથી કરીને બ્રહ્મમાં જ જેમની વાણી રમમાણ છે એવા બ્રહ્મવાદી ભગવાનના ભક્તોની (ભગવાનને અર્થે જ) ભગવદાજ્ઞારૂપ વેદોમાં કહ્યા મુજબ યજ્ઞરૂપ દાનરૂપ, તપરૂપ ક્રિયાઓ સદા-હમેશાં ઓમ્ એમ પરમાત્માના નામનું ઉચ્ચારણ કરીને આરંભ થાય છે ।। ૨૪ ।।

તદિત્યનભિસન્ધાય ફલં યજ્ઞતપઃ ક્રિયાઃ ।
દાનક્રિયાશ્ચ વિવિધાઃ ક્રિયન્તે મોક્ષકાંક્ષિભિઃ ।। ૨૫ ।।

અન્વય	અર્થ
તત્	(ભક્તોની વાત કર્યા પછી હવે જ્ઞાનીઓની વાત કહે છે) 'તત્'
ઈતિ	એમ (પરમાત્માનું નામ લઈને - તત્ - તે બ્રહ્મની આજ્ઞાપાલનથી પરમાત્મા, પ્રસન્ન થાઓ એમ ભાવે - ભગવત્ પ્રીત્યર્થ નામ ઉચ્ચારણ કરીને)
ફલમ્	વેદોમાં કહેવાયેલા સ્વર્ગ વગેરે ફલોનું
અનભિસન્ધાય	અનુસંધાન નહીં કરીને-તેવા ફલની ઈચ્છા નહીં રાખીને
વિવિધાઃ	વિવિધ પ્રકારની
યજ્ઞ-તપઃક્રિયાઃ	યજ્ઞ (અગ્નિહોત્ર વગેરે રૂપ), તપ(કૃચ્છ્ર ચાન્દ્રાયણાદિરૂપ) ક્રિયાઓ
ચ	અને
દાનક્રિયાઃ	દાનરૂપ ક્રિયાઓ
મોક્ષકાંક્ષિભિઃ	મોક્ષની આકાંક્ષાવાળાઓ વડે
ક્રિયન્તે	કરવામાં આવે છે (તત્ એમ ઉચ્ચારણ કરીને કરવામાં આવેલી તે ક્રિયાઓ તેમને માટે મોક્ષનું સમ્પાદન કરનાર થાય છે ।। ૨૫ ।।

ભાવાર્થ – (ભક્તોની વાત કર્યા પછી હવે જ્ઞાનીઓની વાત કહે છે -) તત્ એમ (પરમાત્માનું નામ લઈને - તત્ - તે બ્રહ્મની આજ્ઞાપાલનથી પરમાત્મા, પ્રસન્ન થાઓ એમ ભાવે - ભગવત્ પ્રીત્યર્થ નામ ઉચ્ચારણ કરીને) વેદોમાં કહેવાયેલા સ્વર્ગ વગેરે ફલોનું અનુસંધાન નહીં કરીને-તેવા ફલની ઈચ્છા નહીં રાખીને વિવિધ પ્રકારની યજ્ઞ (અગ્નિહોત્ર વગેરે રૂપ),તપ(કૃચ્છ્ર ચાન્દ્રાયણાદિરૂપ) ક્રિયાઓ અને દાનરૂપ ક્રિયાઓ મોક્ષની આકાંક્ષાવાળાઓ વડે કરવામાં આવે છે (તત્ એમ ઉચ્ચારણ કરીને કરવામાં આવેલી તે ક્રિયાઓ તેમને માટે મોક્ષનું સમ્પાદન કરનાર

થાય છે ॥ ૨૫ ॥

સદ્‌ભાવે સાધુભાવે ચ સદિત્યેતત્ પ્રયુજ્યતે ।
પ્રશસ્તે કર્મણિ તથા સચ્છબ્દઃ પાર્થ યુજ્યતે ॥ ૨૬ ॥

અન્વય	અર્થ
સત્	સત્
ઈતિ	આ પ્રકારે
એતત્	આ (પરમાત્માનું નામ)
સદ્‌ભાવે	આસ્તિક્ય ભાવમાં
ચ	અને
સાધુભાવે	ઉત્તમપણાના ભાવમાં
પ્રયુજ્યતે	પ્રયોજાય છે - પ્રયોગ થાય છે
તથા	તેમજ
પાર્થ	હે પૃથા-કુંતિપુત્ર અર્જુન!
પ્રશસ્તે	ભગવદર્થ ઉત્તમ
કર્મણિ	કર્મમાં (પણ)
સત્	સત્
શબ્દઃ	શબ્દનો
યુજ્યતે	પ્રયોગ કરાય છે ॥ ૨૬ ॥

ભાવાર્થ – સત્ આ પ્રકારે આ (પરમાત્માનું નામ) આસ્તિક્ય ભાવમાં અને ઉત્તમપણાના ભાવમાં પ્રયોજાય છે - પ્રયોગ થાય છે તેમજ હે પૃથા-કુંતિપુત્ર અર્જુન! ભગવદર્થ ઉત્તમ કર્મમાં (પણ) સત્ શબ્દનો પ્રયોગ કરાય છે ॥ ૨૬ ॥

યજ્ઞે તપસિ દાને ચ સ્થિતિઃ સદિતિ ચોચ્યતે ।

કર્મ ચૈવ તદર્થીયં સદિત્યેવાભિધીયતે ॥ ૨૭ ॥

અન્વય	અર્થ
ચ	તેમજ
યજ્ઞે	(અગ્નિહોત્ર વગેરે) યજ્ઞમાં,
તપસિ	(કૃચ્છ્ર વગેરે) તપમાં
ચ	અને
દાને (યા)	(તુલા પુરુષ વગેરે) દાનમાં (જે)
સ્થિતિઃ(સા)	(ભગવાનમાં જ એક માત્ર નિષ્ઠાવાળા થઈને તે કરવારૂપ) સ્થિતિ છે (તે)
એવ	પણ
સત્	‘સત્’
ઈતિ	આ પ્રકારે
ઉચ્યતે	કહેવાયેલી છે
ચ	અને
તદર્થીયમ્	(જેમના ૐ,તત્, સત્ એમ ત્રણ નામો છે) તે ભગવાનને અર્થે
એવ	જ
કર્મ	(સેવા વગેરે માટેની સામગ્રી સમ્પાદન કરવારૂપ) કર્મ
સત્	સત્
ઈતિ	એમ
અભિધીયતે	કહેવાય છે ॥ ૨૭ ॥

ભાવાર્થ – તેમજ (અગ્નિહોત્ર વગેરે) યજ્ઞમાં, (કૃચ્છ્ર વગેરે) તપમાં અને (તુલા પુરુષ વગેરે) દાનમાં (જે) (ભગવાનમાં જ એક માત્ર નિષ્ઠાવાળા થઈને તે કરવારૂપ) સ્થિતિ છે (તે) પણ ‘સત્’ આ પ્રકારે

કહેવાયેલી છે અને (જેમનાં ૐ,તત્, સત્ એમ ત્રણ નામો છે) તે ભગવાનને અર્થે જ (સેવા વગેરે માટેની સામગ્રી સમ્પાદન કરવારૂપ) કર્મ સત્ એમ કહેવાય છે ॥ ૨૭ ॥

અશ્રદ્ધયા હુતં દત્તં તપસ્તપ્તં કૃતં ચ યત્ ।
અસદિત્યુચ્યતે પાર્થ ન ચ તત્પ્રેત્ય નો ઈહ ॥ ૨૮ ॥

અન્વય	અર્થ
પાર્થ	હે પૃથા-કુન્તિપુત્ર અર્જુન !
અશ્રદ્ધયા	(શાસ્ત્રમાં કહ્યા પ્રકારની અને તે-તે શાસ્ત્રમાં) શ્રદ્ધા-આદર વિના
હુતમ્	જે કંઇ હવન વગેરે કર્યા હોય,
દત્તમ્	(શ્રદ્ધા વિના) દાન આપ્યું હોય,
તપ્તમ્	કષ્ટ ઉઠાવીને અનુષ્ઠાન કરાયેલું
તપઃ	તપ (કર્યું હોય)
ચ	અને
યત્	જે (યાગ, તીર્થસ્નાન, યાત્રા વગેરે)
કૃતમ્ (તત્)	કરવામાં આવેલ કર્મ (તે)
અસત્	‘અસત્’
ઈતિ	એમ
ઉચ્યતે	કહેવામાં આવે છે (અતઃ)
તત્	તે (તેવું કર્મ)
નો	ન તો
ઈહ	(સત્પુરુષો દ્વારા આદર કરાયેલું ન હોવાથી આવું કર્મ) આલોકમાં ફલ આપનારું થાય છે
ચ	અને
ન	ન તો
પ્રેત્ય	(આવું કર્મ ભગવત્સંબન્ધ વિનાનું હોવાથી) મર્યા પછી પરલોકમાં પણ ફલ આપનારું થાય છે ॥ ૨૮ ॥

ભાવાર્થ – હે પૃથા-કુન્તિપુત્ર અર્જુન ! (શાસ્ત્રમાં કહ્યા પ્રકારની અને તે-તે શાસ્ત્રમાં) શ્રદ્ધા-આદર વિના જે કંઇ હવન વગેરે કર્યા હોય, (શ્રદ્ધા વિના) દાન આપ્યું હોય, કષ્ટ ઉઠાવીને અનુષ્ઠાન કરાયેલું તપ (કર્યું હોય) અને જે (યાગ, તીર્થસ્નાન, યાત્રા વગેરે) કરવામાં આવેલ કર્મ (તે) ‘અસત્’ એમ કહેવામાં આવે છે (અતઃ) તે (તેવું કર્મ) ન તો (સત્પુરુષો દ્વારા આદર કરાયેલું ન હોવાથી આવું કર્મ) આલોકમાં ફલ આપનારું થાય છે અને ન તો (આવું કર્મ ભગવત્સંબન્ધ વિનાનું હોવાથી) મર્યા પછી પરલોકમાં પણ ફલ આપનારું થાય છે ॥ ૨૮ ॥

ઈતિ શ્રીમદ્ભગવદ્ગીતાસુ ઉપનિષત્સુ બ્રહ્મવિદ્યાયાં યોગશાસ્ત્રે શ્રીકૃષ્ણાર્જુનસંવાદે શ્રદ્ધાવિવેકયોગો (શ્રદ્ધાત્રયવિભાગયોગો) નામ સપ્તદશોડધ્યાયઃ ॥ ૧૭ ॥